Mo.8866260643

ASHVIN C. AHIR

B.Com, LL.B.

ADVOCATE

Office:- M-5, Parth Plaza, Opp.HDFC Bank, Gunjan, Vapi-396195

## -:: ટાઈટલ કલીઅરન્સ સર્ટીફીકેટ ::-

પ્રતિ,

મે.સાંઈ યુનિવર્સલ ડેવલોપર્સ નામની ભાગીદારી પેઢીના ભાગીદારો

**(૧) શ્રી શૈલેષ ઉત્તમચંદ દેસાઈ,**

**(૨) શ્રી નિલેશ બટુકરાય જોશી,**

**(૩) શ્રી મેહુલ પ્રતાપભાઈ જોશી,**

**(૪) શ્રી દાદુભાઈ બાલાભાઈ ભાદરકા,**

**(૫) શ્રી મનોજભાઈ નારણજીભાઈ જાની,**

**ઠેકાણુઃ- દુકાન નં.૩, સર્વે નં.૩૪૫, પ્લોટ નં.૨૩, પરમેશ્વર એપાર્ટમેન્ટ-૧, પરમ આશ્રમની પાસે, બાલદા, જી.આઈ.ડી.સી., પારડી, જી.વલસાડ, સ્ટેટઃ ગુજરાત**

વિષય :- મોજે પારડી, તા.પારડી માં આવેલી બીનખેતીના સર્વે નં.૪૧૭૭ વાળી મિલકત નું ટાઈટલ ચોખ્ખુ હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા બાબત.

મહાશ્ય,

આપના તરફથી વલસાડના ડીસ્ટ્રીકટની સબ પારડી તાલુકાના મોજે પારડી નગર પાલીકા હદમાં આવેલ બિનખેતીના સર્વે નં.૪૧૭૭ જેનું ક્ષેત્રફળ ૬૫૩૫.૦૦ ચો.મીટર, ખાતા નં.૩૯૫ થી ચાલી આવેલ છે. તે મીલકતોનું ટાઈટલ ચોખ્ખું હોવા અંગે ટાઈટલની માંગણી કરતા, આપના તરફથી રજુ કરવામાં આવેલ દસ્તાવેજ પુરાવાઓ જોતા, તેમજ સદરહું મીલકત અંગે સને ૧૯૮૯ થી ૨૦૧૯ સુધીની છેલ્લા ૩૦ વર્ષની સબ-રજીસ્ટ્રાર પારડી ની કચેરીઓમાં સર્ચ કરતા મીલકતનું ટાઈટલ ચોખ્ખુ હોવાના મારા અભિપ્રાય નીચે મુજબ છે.

વલસાડ ડીસ્ટ્રીકટની રજીસ્ટ્રેશન સબ ડીસ્ટ્રીક પારડી તાલુકાના મોજે પારડી ગામે આવેલ...

| સર્વે નં. | હે. આરે. પ્રતિઆરે | આકાર રૂા.પૈસા |
|---|---|---|
| ૧૦૭૫/૧ | ૦૦ - ૦૫ - ૫૯ | ૦૦-૨૨ |
| ૧૦૭૫/૨/અ+બ | ૦૦ - ૯૮ - ૧૩ | ૦૫-૦૦ |
| ૧૦૯૨/૧ | ૦૦ - ૪૩ - ૧૯ | ૦૪-૫૫ |

વાળી મીલકત સને ૧૯૫૩ ની સાલ પહેલાથી શ્રી ચીમનલાલ મગનલાલનાં નામે ચાલી આવેલ હતી જેમની પાસેથી (૧) સગીર પ્રવિણચંદ્ર અંબાલાલ પટેલ (૨) મહેન્દ્રકુમાર અંબાલાલ પટેલ તથા (૩) બાબાભાઈ અંબાલાલ પટેલના વાલી તરીકે બાઈ [illegible]

ASHVIN C. AHIR ADVOCATE VAPI

Mo.8866260643

# ASHVIN C. AHIR

B.Com, LL.B.
ADVOCATE
Office:- M-5, Parth Plaza, Opp.HDFC Bank, Gunjan, Vapi-396195

અંબાલાલના ઓએ કાયદેસરના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલી આમ, (૧) સગીર પ્રવિણચંદ્ર અંબાલાલ પટેલ (૨) મહેન્દ્રકુમાર અંબાલાલ પટેલ તથા (૩) બાબાભાઈ અંબાલાલ પટેલનાંઓ ઉપરોક્ત સર્વે નંબરવાળી મીલકત તથા અન્ય મીલકતોના સહમાલીક અને કબજેદારો બનેલા. જે અંગેની ફેરફાર નોંધ મોજે પારડી ગામના ગામ નમુના નં.૬ ના હકકપત્રકમાં ફેરફાર નોધ નં.૨૪૩૯ થી પાડવામાં આવેલ છે. જે ફેરફાર નોધ સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત કરેલ છે.

મજકુર હેઠળ વર્ણવેલ મોજે પારડી ગામે આવેલ ઉપરોકત સર્વે નંબરોવાળી મીલકતો સહીત અન્ય મીલકતો (૧) પ્રવિણચંદ્ર અંબાલાલ પટેલ (૨) મહેન્દ્રકુમાર અંબાલાલ પટેલ તથા (૩) બાબાભાઈ અંબાલાલ પટેલનાંઓના નામે સરકારી રેકર્ડ દફતરે સહમાલીક અને કબજેદારો તરીકે ચાલી આવતી હતી. વધુમાં સને-૧૯૯૦ ની સાલમાં પારડી કસ્બા આવેલ મજકુર સર્વે નંબરવાળી મીલકતોનું ક્ષેત્રફળ નીચે મુજબ ચાલી આવતું હતું :-

| સર્વે નં. | હે. આરે. પ્રતિઆરે |
|---|---|
| ૧૦૭૫/૧ | ૦૦ - ૦૬ - ૦૭ |
| ૧૦૭૫/૨ | ૦૦ - ૧૮ - ૨૧ |
| | ૦૦ - ૦૬ - ૦૭ |
| | ૦૦ - ૭૭ - ૯૦ |
| ૧૦૯૨/૧ | ૦૦ - ૨૧ ૨૫ |
| | ૦૦ - ૨૧ - ૨૫ |
| | ૦૦ - ૦૧ - ૦૧ |

તેમજ ઉપરોકત સર્વે નંબરવાળી મીલકતો સહીત અન્ય મીલકતોની માપણી કરવામાં આવેલી, અને જે માપણીના નકશા અન્વયે મીલકતોનું દુરસ્તી પત્રક તૈયાર કરવામાં આવેલ અને તે મુજબ મજકુર મીલકતોનું નીચે મુજબ ક્ષેત્રફળ નકકી કરવામાં આવેલ છે.

| સર્વે નં. | હે. આરે. પ્રતિઆરે |
|---|---|
| ૧૦૭૫/૧ | ૦૦ - ૦૫ - ૫૯ |
| ૧૦૭૫/૨/અ+બ | ૦૦ - ૯૮ - ૧૩ |
| ૧૦૯૨/૧ | ૦૦ - ૪૩ - ૧૯ |

અને જે દુરસ્તી પત્રકની નોંધ મોજે પારડી ગામના ગામના ગામ નમુના નં.૬ ના હકકપત્રક માં તા.૨૪/૧૨/૧૯૯૦ ના રોજ ફેરફાર નોંધ નં.૯૫૭૨ થી પાડવામાં આવેલી. જે ફેરફાર નોધ સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત કરેલ છે.

ASHVIN C. AHIR ADVOCATE VAPI

Mo.8866260643

# ASHVIN C. AHIR

B.Com, LL.B.
ADVOCATE
Office:- M-5, Parth Plaza, Opp.HDFC Bank, Gunjan, Vapi-396195

મજકુર સર્વે નંબરોવાળી મીલકતો સહીત અન્ય મીલકતો જે રેકર્ડ દફતરે (૧) પ્રવિણચંદ્ર અંબાલાલ પટેલ (૨) મહેન્દ્રકુમાર અંબાલાલ પટેલ તથા (૩) બાબાભાઈ અંબાલાલ પટેલનાંઓના સહમાલીક તરીકે ચાલી આવતી હતી જેમણે તા.૧૧/૦૫/૨૦૦૦ ના રોજ કાયદેસરના વહેચાણનો લેખ લખી વહેચાણ કરતા હેઠળ વર્ણવેલ :-

| સર્વે નં. | હે. આરે. પ્રતિઆરે |
|---|---|
| ૧૦૭૫/૧ | ૦૦ - ૦૫ - ૫૯ |
| ૧૦૭૫/૨/અ+બ | ૦૦ - ૯૮ - ૧૩ |
| ૧૦૯૨/૧ | ૦૦ - ૪૩ - ૧૯ |

વાળી મીલકત વેચાણ આપનાર શ્રી બાબાભાઈ અંબાલાલ પટેલ ના હિસ્સા અને કબજામાં માલીક તરીકે આપવામાં આવેલી, અને જે વહેચાણ અંગેની નોઘ પારડી ગામના ગામ નમુના નં.૬ ના હકકપત્રકમાં તા.૨૪/૦૫/૨૦૦૦ ના રોજ ફેરફાર નોઘ નં.૧૧૧૫૨ થી પાડવામાં આવેલી જે ફેરફાર નોઘ સક્ષમ અધિકારીએ ખાતરી કરી તા.૩૦/૦૭/૨૦૦૦ નારોજ પ્રમાણીત કરેલ છે.

મજકુર સર્વે નંબરોવાળી મીલકતો સહીત અન્ય મીલકતો જે રેકર્ડ દફતરે બાબાભાઈ અંબાલાલ પટેલ ની માલીક તરીકે ચાલી આવતી હતી જેમણે તા.૦૮/૧૧/૨૦૧૧ ના રોજ કાયદેસરના વહેચાણનો લેખ લખી વહેચાણ કરતા હેઠળ વર્ણવેલ :-

| સર્વે નં. | હે. આરે. પ્રતિઆરે |
|---|---|
| ૧૦૭૫/૧ | ૦૦ - ૦૫ - ૫૯ |
| ૧૦૭૫/૨/અ+બ | ૦૦ - ૯૮ - ૧૩ |

પૈકી ની દમણગંગા નહેરની ઉત્તર દિશા તરફના ભાગની ફકત

૦૦ - ૭૧ - ૬૦

૧૦૯૨/૧ ૦૦ - ૪૩ - ૧૯

પૈકી ની દમણગંગા નહેરની ઉત્તર દિશા તરફના ભાગની ફકત

૦૦ - ૧૪ - ૪૪

વાળી મીલકત (૧) શ્રી ગિરધરભાઈ મનુભાઈ ડોબરીયા તેમજ (૨) જીતેન્દ્ર શાંતિલાલ મોટાણી ને વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ છે. જે વેચાણ દસ્તાવેજ મે.પારડીના સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં.૬૬૩૫ થી તારીખ ૧૫/૦૯/૨૦૧૧ નાં રોજ નોંધણી પામેલ છે. જેની ગ્રામ પંચાયત હકક પત્રક નંબર ૬ માં નોઘ નંબર ૧૩૫૫૨ થી પાડવામાં આવેલી છે. જે

ASHVIN C. AHIR ADVOCATE VAPI

Mo.8866260643

# ASHVIN C. AHIR

B.Com, LL.B.

ADVOCATE

Office:- M-5, Parth Plaza, Opp.HDFC Bank, Gunjan, Vapi-396195

ખેડૂત ખાતેદારનુ પ્રમાણપત્ર રજુ ન થાતા નોઘ રદ થયેલ છે. જે ત્યારબાદ ૨૩/૦૪/૨૦૧૨ ના રોજ ખેડૂત ખાતેદારનુ પ્રમાણપત્ર રજુ કરતા તા.૨૭/૦૪/૨૦૧૨ ના રોજ ગ્રામ પંચાયત હકક પત્રક નંબર ૬ માં નોઘ નંબર ૧૩૬૫૫ થી પાડવામાં આવેલી છે. જે પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ મજકુર સર્વે નં.૧૦૭૫/૧ તથા સર્વે નં.૧૦૯૨/૧ અને સર્વે નં.૧૦૭૫/૨ વાળી જમીનમાં નહેર પસાર થયેલ છે. જેથી કે.જી.પી. નં.૧૫૭ તથા જમીન સંપાદન કેસ નં.૧૭૯૬/૯૩, તા.૧૯/૧૧/૧૯૯૪ થી સંપાદન થયેલ છે. ત્યારબાદ ગામ નમુના નં.૭ માં સુધારો કરવામાં આવ્યો છે જે નીચે મુજબ છે.

| સર્વે નં. | હે. આરે. પ્રતિઆરે |
|---|---|
| ૧૦૭૫/૧ | ૦૦ - ૦૫ - ૫૯ |
| ૧૦૭૫/૨/અ | ૦૦ - ૪૫ - ૩૨ |
| ૧૦૯૨/૧ | ૦૦ - ૧૪ - ૪૪ |

જેની ગ્રામ પંચાયત હકક પત્રક નંબર ૬ માં નોઘ નંબર ૧૩૬૯૦ થી પાડવામાં આવેલી છે. જે પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ ઉપરોકત જણાવામાં આવેલ સર્વે નંબરોનુ એકત્રીકરણ કરવામાં આવ્યુ. એકત્રીકરણ થયા બાદ નવો સર્વે નં.૧૦૭૫/૧ ઓળખાય છે. જેની ગ્રામ પંચાયત હકક પત્રક નંબર ૬ માં નોઘ નંબર ૧૩૮૨૧ થી પાડવામાં આવેલી છે. જે પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ સર્વે નં.૧૦૭૫/૧ વાળી ખેતીની જમીનના ખાતેદારો (૧) શ્રી ગિરઘરભાઈ મનુભાઈ ડોબરીયા તથા વિગેરે ઓએ મે.પ્રાંત અધિકારી અને નાયબ કલેકટરશ્રી પારડી સમક્ષ રહેણાક તેમજ વાણિજય હેતુ માટે બિનખેતી કરવા માંગણી કરેલ છે જે અન્વયે મે.પ્રાંત અધિકારી અને નાયબ કલેકટરશ્રી પારડી એ તેઓના હુકમ નં.એન.એ./રજી.નં.૧૪/૧૨/વશી-૧૪૧૮/૨૦૧૩ થી તારીખ :-૧૮/૦૪/૨૦૧૩ થી બિનખેતીની પરવાનગી જમીનમાં મંજુર થયેલ નકશા મુજબ રહેણાંક અને વાણિજય હેતુ માટે આપેલ છે.

ત્યારબાદ (૧) શ્રી ગિરઘરભાઈ મનુભાઈ ડોબરીયા તેમજ (૨) શ્રી જીતેન્દ્ર શાંતિલાલ મોટાણી એ પોતાની બીનખેતીના સર્વે નં.૧૦૭૫/૧ ની ક્ષેત્રફળ હે.૦-૬૫-૩૫ ચો.મી. પૈકી હે.૦-૧૧-૬૩ વાળી જમીન કાયદેસરના રજી.વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ છે. જે વેચાણ દસ્તાવેજ મે.પારડીના સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં.૧૯૪૫ થી તારીખ ૧૦/૧૦/૨૦૧૬ નાં રોજ નોંઘણી પામેલ છે. જેની ગ્રામ પંચાયત હકક પત્રક નંબર ૬ માં નોઘ નંબર ૧૫૩૫૭ થી પાડવામાં આવેલી છે. જે પ્રમાણીત થયેલ છે.

ASHVIN C. AHIR ADVOCATE VAPI

Mo.8866260643

ASHVIN C. AHIR
B.Com, LL.B.
ADVOCATE
Office:- M-5, Parth Plaza, Opp.HDFC Bank, Gunjan, Vapi-396195

ત્યારબાદ સર્વે નં.૧૦૭૫/૧ ના ક્ષેત્રફળ હે.૦-૬૫-૩૫ ચો.મી. માંથી ક્ષેત્રફળ હે.૦-૧૧-૬૩ ચો.મી. વેચાણ આપતા બાકી રહેતી ક્ષેત્રફળ હે.૦-૫૩-૭૨ ચો.મી. વાળી જમીનમાં થી શ્રી ગિરધરભાઈ મનુભાઈ ડોબરીયાએ પોતાનો ૧/૨ હિસ્સાની યાને ૨૬૮૬.૦૦ ચો.મી. વાળી જમીન માંથી પોતાના હિસ્સાનો હકક જતો કરી શ્રી જીતેન્દ્ર શાંતિલાલ મોટાણી ને બીનખેતીના સર્વે નં.૧૦૭૫/૧ ના ક્ષેત્રફળ હે.૦-૫૩-૭૨ ના કાયદેસરના માલિક થયા છે. જેની ગ્રામ પંચાયત હકક પત્રક નંબર ૬ માં નોધ નંબર ૧૫૩૮૪ થી પાડવામાં આવેલી છે. જે પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ બીનખેતીની પરવાનગીના હુંકમ નં.૮ મુજબ નિયત સમય મર્યાદામાં બીનખેતી નું કૃત્ય કરી શકેલ નથી. જેથી બાંધકામ પરવાનગી મૃદત વધારી આપવા અરજી કરેલ જે અરજી નાયબ કલેકટર પારડીના એ ગ્રાહય રાખી હુકમ નં.જમન/એનએ/શરતભંગ/ રજી.૧૫/વશી.૧૧૬૦/૧૭ મુજબ નોંધ કરી. જેની ગ્રામ પંચાયત હકક પત્રક નંબર ૬ માં નોધ નંબર ૧૫૫૨૨ થી પાડવામાં આવેલી છે. જે પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ શ્રી જીતેન્દ્ર શાંતિલાલ મોટાણી એ પારડી નગર પાલીકાને રહેણાંક અંગેના આર.સી.સી. ટાઈપના બિલ્ડીંગ બનાવવાના હેતુ માટે અરજી કરેલ જે પારડી નગર પાલીકાએ સર્વે નં.૧૦૭૫/૧ ની કુલ્લે ૫૩૭૨.૦૦ ચો.મી. ના ક્ષેત્રફળ વાળી જમીનમાં બાંધકામ કરવાની પરવાનગી તા.૨૨/૦૬/૨૦૧૮ ના રોજ રજાચીઠ્ઠી નં.૧૪૮ થી બાંધકામ પરવાનગી આપેલ છે.

ત્યારબાદ શ્રી જીતેન્દ્ર શાંતિલાલ મોટાણી એ સર્વે નં.૧૦૭૫/૧ વાળી જમીનમાં બાંધકામ કરવા માટે મે.સાંઈ યુનિવર્સલ ડેવલોપર્સ નામની ભાગીદારી પેઢી સાથે રજીસ્ટર્ડ ડેવલપમેન્ટ નો કરાર મે.પારડીના સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં.૨૧૪૬ થી તારીખ ૨૫/૧૦/૨૦૧૮ નાં રોજ નોંધણી પામેલ છે. ડેવલપ કરવામાં આવનાર પ્રોજેકટ "સાંઈ યુનિવર્સલ ડેવલોપર્સ " ના નામથી ઓળખવામાં આવશે. જેમાં બિલ્ડીગ - એ, તથા બિલ્ડીગ બી, અને બિલ્ડીગ - બી/૧ નામના બિલ્ડીગ ડેવલપમેન્ટ કરવાનું નકકી કરેલ છે.

ત્યારબાદ મે.પ્રાત અધિકારી શ્રી દ્રારા રી સર્વે તૈયાર કરવામાં આવેલ જેમા બીન ખેતીના સર્વે નં.૧૦૭૫/૧ નો પ્રમોલગેશન થયા બાદનો નવો સર્વે નં.૪૧૭૭ થયેલો છે. જેની નોધ પારડી ગ્રામ પંચાયત હકક પત્રક નંબર ૬ માં નોધ નંબર ૧૫૭૦૮ થી પાડવામાં આવેલી છે.

ત્યારબાદ બીન ખેતીના સર્વે નં.૧૦૭૫/૧ વાળી જમીન સીટી સર્વેના રેકર્ડમાં લેવામાં આવેલ છે. ત્યારબાદ તેનો સીટી સર્વે નં.૩૭૧૪/૨ છે જેનુ ક્ષેત્રફળ ૬૫૩૫.૦૦ ચો.મી. છે. જેમાથી શ્રી જીતેન્દ્ર શાંતીલાલ મોટાણી એ સીટી સર્વે ઓફીસમાં પોતાના હિસ્સાની જમીન

ASHVIN C. AHIR ADVOCATE VAPI

ADVOCATE

Mo.8866260643

# ASHVIN C. AHIR

B.Com, LL.B.
ADVOCATE
Office:- M-5, Parth Plaza, Opp.HDFC Bank, Gunjan, Vapi-396195

વાળી મીલકતનું અલગ પ્રોપર્ટી કાર્ટ માટે અરજી કરતા અનુક્રમ નં.૮૧૭૩ થી તા.૧૬/૧૦/૨૦૧૮ ના રોજ નોધ કરી. ત્યારબાદ શ્રી જીતેન્દ્ર શાંતીલાલ મોટાણી ની માલીકી મીલકતનો નવો સીટી સર્વે નં.૩૭૧૪/૨/બ પાડવામાં આવ્યો.

ઉપરની તમામ હકીકતમાં હાલના માલીક શ્રી જીતેન્દ્ર શાંતીલાલ મોટાણી એ વલસાડ ડીસ્ટ્રકટના રજીસ્ટ્રેશન સબ ડીસ્ટ્રીકટ પારડી તાલુકાના મોજે **પારડી નગર પાલીકા**ની હદમાં આવેલ **સી.સ.નં.૩૭૧૪/૨/બ** વાળી **૫૩૭૨.૦૦ ચો.મી** ક્ષેત્રફળ ઘરાવતી જમીન ( **કે જેનો સર્વે નં.૧૦૭૫/૧ વાળી ૬૫૩૫.૦૦ ચો.મી ક્ષેત્રફળ ઘરાવતી જમીન પૈકી ૫૩૭૨.૦૦ ચો.મી. ક્ષેત્રફળ ઘરાવતી જમીન જેનો નવો સર્વે નં.૪૧૭૭ છે)** વાળી મીલકત માલીકીની છે તેમજ જમીનમાં આર.સી.સી. ટાઈપના રહેઠાણ લાયક હાઈરાઈઝ મકાન બાંધવા આવેલ છે જે " **સાંઈ યુનિવર્સલ પાર્ક** " ના નામથી શરૂ કરવામાં આવેલ છે. જે ડેવલોપમેન્ટના કરારથી મે.સાંઈ યુનિવર્સલ ડેવલોપર્સ નામની ભાગીદારી પેઢીના ભાગીદારો **(૧) શ્રી શૈલેષ ઉત્તમચંદ દેસાઈ, (૨) શ્રી નિલેશ બટુકરાય જોશી, (૩) શ્રી મેહુલ પ્રતાપભાઈ જોશી, (૪) શ્રી દાદુભાઈ બાલાભાઈ ભાદરકા, અને (૫) શ્રી મનોજભાઈ નારણજીભાઈ જાની,** ને જમીન ડેવલોપમેન્ટ કરવા માટે આપેલ છે. જે અંગેની ખાતરી ગામ નમુના નં.૭×૧૨ ની તથા ગામ નમુના નં.૮-અ ખાતાની કોમ્પ્યુટરાઈઝ ખરી નકલો, ડેવલોપમેન્ટ કરાર વિગેરે દસ્તાવેજો વાંચનમાં લેતા ખાતરી કરેલ છે. આમ મજકુર મીલકતનું ટાઈટલ ચોખ્ખુ અને મારકેટેબલ હોવાનું કહી શકાય તેમ છે.

હું નીચે સહી કરનારે મહેરબાન પારડીના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીએ જઈને છેલ્લા ૩૦ વર્ષની શોધ માં પારડી કચેરીની શોધમાં પારડી કચેરીની શોધ રસીદ નં.૬૬૨, તા.૧૯/૦૧/૨૦૧૯ ના રોજ થી મેળવેલ છે. સદરહું સર્ચ ફી ભર્યાની અસલ પહોચ આ કામે સર્ચ રીપાર્ટ સાથે રજુ કરેલ છે. મજકુર મીલકત તેના હાલના માલીકે મીલ્કતના અગ્રહકકધારીએ અન્ય કોઈ બેંક કે સંસ્થાને બોજમાં કે તારણમાં મુકેલી નથી કે વેચાણ કરેલ નથી. કે વેચાણ આપવા સાટું કરી કબજે સોપેલી નથી. કે તેવી કોઈ નોંધ હમોને સર્ચ કરતા જણાય આવેલી નથી. મજકુર મીલકતના આ સાથે અલાયદા લીસ્ટથી રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ જોતા સદરહું મીલકતનું ટાઈટલ તદ્દન ચોખ્ખુ અને મારકેટેબલ હોવાનું મારૂ માનવુ છે.

ASHVIN C. AHIR ADVOCATE VAPI

લી. આપનો વિશ્વાસુ,

ASHVIN C. AHIR
ADVOCATE